# ભાજપ/કોંગ્રેસના ઉમેદવારોની યાદી જાહેર થતા ભારે ચર્ચા

## ભાજપે જ્ઞાતિ સમીકરણો સાચવવાની સાથે સાથે યુવા ચહેરાઓને ટીકીટ ફાળવી : વર્તમાન મંત્રીઓ અને પૂર્વ મંત્રીઓના પત્તા કપાયા

ગાંધીનગર, તા. ૧૦

જેમ જેમ ચૂંટણીની તારીખ નજીક આવતી જાય છે તેમ તેમ ચૂંટણી જંગ જામતો જાય છે. શાસકપક્ષ ભાજપે પોતાના ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરતાં ભારે ચર્ચાઓ જાગી છે. ભાજપે ટીકીટ ફાળવણીમાં જાતિ-જ્ઞાતિના સમીકરણો સાચવવાની સાથોસાથ યુવા ચહેરાઓને સ્થાન આપ્યુ છે. જો કે વર્તમાન મંત્રીઓ અને પૂર્વ મંત્રીઓના પત્તા કપાતા ક્યાંક ક્યાંક અસંતોષ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસની યાદી પણ તૈયાર જ છે. આ યાદી રાત સુધીમાં જાહેર થવાની સંભાવના છે.

આખરે ઘણી ઉત્તેજના અને ચર્ચાઓ બાદ ભાજપે તેની પ્રથમ યાદી જાહેર કરી છે. પ્રથમ યાદીમાં જ મોટાભાગના નામો જાહેર કરી દેવાતા આજે આખો દિવસ ઉમેદવારોના નામોને લઈને કહી ખુશી, કહી ગમનો માહોલ સર્જાયો હતો. ભાજપે ઘણા જૂના જોગીઓનું પત્તુ કાપતાં ક્યાંક ક્યાંક રોષ જોવા મળી રહ્યો છે.

૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીની ગાદી સંભાળતા સત્તા તો ભાજપની રહી છે. પરંતુ સત્તા પર બીરાજતા મુખ્યમંત્રીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આનંદીબેન જેવા દિગ્ગજ નેતા, સૌમ્ય સ્વભાવના વિજયભાઈ રૂપાણી અને રાતોરાત ગાદીએ આવેલા ભૂપેન્દ્રભાઈ પટેલે અનેક મુશ્કેલીઓનો સામનો કર્યો છે. આગામી ટર્મમાં સરકાર સ્થિર રહે અને કોઈ નવી મુશ્કેલી ઉભી ન થાય તે માટે ભાજપે ગણતરીપૂર્વકનુ જોખમ ઉઠાવ્યુ છે. જાતિ-જ્ઞાતિના સમીકરણો સાચવવાની સાથોસાથ જૂના જોગીઓને દરવાજો દેખાડી દેવાયો છે. વિધાનસભા અધ્યક્ષ નીમાબેન આચાર્ય, પૂર્વ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, બ્રિજેશ મેરજા, મધુ શ્રીવાસ્તવ, હિતુ કનોડીયા, હકુભા જાડેજા, સૌરભ પટેલ, પ્રદીપ પરમાર, આર.સી. મકવાણા જેવાઓની ટીકીટ કપાઈ છે. દિગ્ગજનોના સ્થાને પાર્ટીએ નવા ચહેરાઓ અને મહિલાઓને પ્રાધાન્ય આપ્યુ છે. હજુ તો યાદી જાહેર થઈ તે સાથે જ ભાજપને ક્યાંક ક્યાંક વિરોધનો સામનો કરવો પડ્યો હતો. હજુ એકાદ બે દિવસ વિરોધના વંટોળનો સામનો કરવો પડી શકે છે. કોંગ્રેસની યાદી પણ તૈયાર જ છે. જેમના નામ ફાઈનલ છે તેમને જાણ પણ કરી દેવાઈ છે. પ્રદેશ કોંગ્રેસના મોટાભાગના નેતાઓ ટીકીટ મેળવવામાં સફળ રહેશે તેવુ જણાય છે. ટૂંક સમયમાં જ સમગ્ર પીક્ચર ક્લીયર થઈ જશે.

## લિસ્ટ જાહેર થયા બાદ કચ્છ, મહુવા ભાજપમાં સામૂહિક રાજીનામાં

અમદાવાદ, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ભાજપે આજે પ્રથમ યાદી જાહેર કરતા કુલ ૧૬૦ ઉમેદવારના નામોની જાહેરાત કરી છે. ઉમેદવારોની યાદી જાહેર કરતાની સાથે જ અનેક બેઠકો પર વિરોધનો વંટોળ જોવા મળ્યો છે.

**મહુવા ભાજપમાં શિવાભાઈ ગોહિલ ટિકિટ આપતા ભાજપમાં ભડકો**

ભાવનગરના મહુવામાં ભાજપને સૌથી મોટો ઝટકો લાગ્યો છે. ભાજપે મહુવા બેઠક પરથી શિવાભાઈ ગોહિલને ટિકિટ આપતા ભાજપ તાલુકા સંગઠન, શહેર સંગઠનના તમામ ચૂંટાયેલા સભ્યોએ રાજીનામા આપી દીધા છે. સાથે જ નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સભ્યોએ પણ રાજીનામા આપી ધરી દીધા છે.

**મંત્રી રાઘવ મકવાણાની ટિકિટ કપાતા ગરમાવો**

ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરતાની સાથે જ મહુવા તાલુકા પંચાયતના તમામ સભ્યો જિલ્લા પંચાયતના તમામ સભ્યો અને મહુવા ભાજપ સંગઠનના તમામ સભ્યો સહિત ભાજપના કાર્યકરો અને આગેવાનો સહિત તમામ ટીમના સામુહિક રાજીનામા ધરી દીધા છે.

આ વિરોધને લઈને નગર પાલિકાના ૨૪ સભ્યો,તાલુકા પંચાયતના ૧૮ સભ્યો, જિલ્લા પંચાયતના મહુવા વિધાનસભાના ૪ અને મહુવા તાલુકા શહેર અને ગ્રામ્યની ટીમ તેમજ તમામ સંગઠનો અને ૬ મોર્ચા સહિત કુલ અંદાજીત ૧૦૦૦ કાર્યકરો રાજીનામા આપશે. મળતી માહિતી પ્રમાણે આ તમામ ટીમ જિલ્લા ના પ્રમુખને રાજીનામા દેવા શિહોર જવા રવાના થઈ ગઈ છે.

**એકલધામના મહંત યોગી દેવનાથજી બાપુનું રાજીનામું**

કચ્છમાં ઉમેદવારોના નામ જાહેર થતા એકલધામના મહંત યોગી દેવનાથજી બાપુએ રાજીનામું આપી દીધું છે. દેવનાથ બાપુએ ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપ્યું છે.

## આપ દ્વારા ઉમેદવારોની ૧૪મી યાદી જાહેર

અમદાવાદ, તા.૧૦

વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ અંતર્ગત આમ આદમી પાર્ટીએ આજે તેમના ઉમેદવારોની ૧૪મી યાદી જાહેર કરી દીધી છે. જેમાં જામજોધપુર-હેમંત ખાવા, થરાદમાં વિરચંદ ચાવડા, ઉના સેજલબેન ખૂંટ, ભાવનગર રૂરલ ખુમાનસિંહ ગોહીલ, જામનગર દક્ષિણમાંથી વિશાલ ત્યાગી, તલાલામાં દેવેન્દ્ર સોલંકી, ખંભાતમાં અરૂણ ગોહીલ, કરજણમાં પરેશ પટેલ, જલાલપોરમાં પ્રદિપકુમાર મિશ્રા, ઉમરગામ બેઠક પરથી પર અશોક મોહનભાઈ પટેલના નામ જાહેર કરવામાં આવ્યું છે.

### જૂના જોગીઓને પડતા મૂકી નવા ચહેરાઓને આપી તક

## ભૂપેન્દ્ર પટેલ સરકારના પાંચ મંત્રીઓની ટિકિટ કપાઈ

ગાંધીનગર,તા.૧૦

ભાજપે આજે ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ ૧૬૦ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં ૧૪ મહિલાઓને ટિકિટ આપવામાં આવી છે. પરંતુ એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઘણા સિનિયર નેતાઓને કાપવામાં આવ્યા છે. ભાજપે પોતાની પ્રથમ યાદીમાં ૬૯ ધારાસભ્યોને રિપીટ કર્યા છે. ૩૮ સ્ન્છના પત્તા કપાયા તો ૧૪ મહિલાઓને ભાજપે ચૂંટણી જંગમાં ઉતારી છે. વડોદરાની વાઘોડિયા બેઠક પરથી મધુ શ્રીવાસ્તવની ટિકિટ કપાઈ છે. ભાજપે મધુ શ્રીવાસ્તવની જગ્યાએ અશ્વિની પટેલને મેદાને ઉતાર્યા છે. મોરબી બેઠક પરથી બ્રિજેશ મેરજાની ટિકિટ કપાઈ છે. ભાજપે કાંતિ અમૃતિયાને ટિકિટ આપી છે. મોરબી પુલ દુર્ઘટના બ્રિજેશ મેરજાને નડી તો કાંતિ અમૃતિયાને ફળી છે. ભાજપે રવિન્દ્રસિંહ જાડેજાના પત્ની રિવાબા જાડેજાને ટિકિટ આપી છે. જામનગર ઉત્તર બેઠક પરથી દિગ્ગજ હકુભા જાડેજાની ટિકિટ કાપીને રિવાબાને તક અપાઈ છે. અમદાવાદની બેઠકો પરથી ભાજપે દિગ્ગજ નેતાઓના નામ કાપ્યા છે. જેમાં એલિસબ્રીજમાં રાકેશ શાહ, વેજલપુરમાં કિશોર ચૌહાણ, નરોડામાં બલરામ થવાણી સહિત ૯ જુના જોગીના નામ કપાયા છે.

ભૂપેન્દ્ર પટેલ સરકારના ૫ મંત્રીઓની ટિકિટ કપાઈ છે. જેમાં રાજેન્દ્ર ત્રિવેદી, પ્રદીપ પરમાર, બ્રિજેશ મેરજા, અરવિંદ રૈયાણી અને આર.સી.મકવાણાની ટિકિટ કપાઈ છે. જ્યારે વિરમગામથી હાર્દિક પટેલને ટિકિટ આપી છે.

### તમામ પાર્ટીઓની પૂરજોશમાં ચૂંટણીની તૈયારીઓ

## ગુજરાત વિધાનસભા ચૂંટણી અને ચૂંટણીમાં જ્ઞાતિ-જાતિના સમીકરણો

અમદાવાદ, તા.૧૦

પૂર્વ મુખ્યમંત્રી વિજય રુપાણી, પૂર્ણ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, સિનિયર મંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદીપસિંહ અને પૂર્વ પ્રમુખ આરસી ફળદુએ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી દીધી છે. આમ જે નામો અંગે અટકળો લગાવવામાં આવી રહી હતી તેમના પ્લાન ક્લિયર થઈ ગયા છે. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં હાર અને જીતના સમીકરણો ઘણાં મુદ્દાઓને ધ્યાનમાં રખાય છે. જેમાં એક સૌથી મહત્વનું ચૂંટણીમાં સોશિયલ એન્જિનિયરિંગ માનવામાં આવે છે. એટલે કે ચૂંટણી ટિકિટ વહેંચણીથી લઈને મતદારોની વસ્તીને ખાસ ધ્યાનમાં લઈને નિર્ણયો લેવામાં આવતા હોય છે. જેમાં જાતિ-જ્ઞાતિનું સમિકરણ સૌથી મહત્વનું માનવામાં આવે છે. નવગુજરાત સમયના રિપોર્ટ્સ પ્રમાણે પાછલી વિધાનસભા ચૂંટણીમાં પાટીદાર, ઠાકોર અને દલિત આંદોલનો આક્રામક મૂડમાં રહ્યા હતા આમ જેના પરિણામે ૮ પાટીદાર ઉમેદવાર, ૨ ઠાકોર અને ૨ દલિત ઉમેદવારની જીત ઘટી હતી. જ્યારે કોળી, ક્ષત્રિય, બ્રાહ્મણ ઉમેદવારોની જીત વધી હતી.

૨૦૧૭માં મતદારોનો મીજાજ બદલાયો હતો જેના કારણે કોંગ્રેસને પાટીદાર વર્ચસ્વવાળી ૨૭ અને ભાજપને ૧૬ બેઠકો મળી હતી. રાજ્યમાંથી કુલ ૪૩ પાટીદાર ઉમેદવાર ચૂંટાયા હતા. જ્યારે વર્ષ ૨૦૧૨ની ચૂંટણીમાં ૫૧ પાટીદાર નેતાઓ ચૂંટાયા હતા, આમ પાટીદાર આંદોલન છતાં ૮ ધારાસભ્યો ઘટ્યા હતા. અગાઉની ચૂંટણીમાં કોળી સમાજના ૨૦ ધારાસભ્યો ચૂંટાયા હતા, જેમાંથી ૧૧ કોંગ્રેસના હતા અને ૯ ધારાસભ્યો ભાજપના હતા. વર્ષ ૨૦૧૨માં કોળી ઉમેદવારોની જીતની સંખ્યા ૧૬ હતી જે ૨૦૧૭માં વધીને ૨૦ થઈ ગઈ હતી. આજ રીતે ૨૦૧૨માં ક્ષત્રિય સમાજના ૧૦ ધારાસભ્યો ચૂંટાયા હતા, જ્યારે તે ૨૦૧૭માં ૧૬ થઈ ગઈ હતી.

ભાજપના પણ ઉમેદવારોના નામ સામે આવી રહ્યા છે કે જેમાં સુરતમાં ચોર્યાસી અને ઉધના સિવાયની બેઠકો પરથી હર્ષ સંઘવી, પૂર્ણેશ મોદી સહિતના ઉમેદવારોને રિપીટ કરવામાં આવ્યા હોવાની વાત સામે આવી છે. એક તરફ આપે સુરતની કોર્પોરેશનની ચૂંટણી સારી સફળતા હાંસલ કરી હતી

### કંપની સમાચાર

## કીસ્ટોન રિયલ્ટર્સ લિમિટેડનો આઈપીઓ ૧૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે

અમદાવાદ, તા.૧૦

'રુસ્તમજી' બ્રાન્ડ અંતર્ગત કામ કરતી અને માઈક્રો બજારોમાં અગ્રણી રિયલ એસ્ટેટ ડેવલપર્સ પૈકીની એક (યુનિટની સંખ્યામાં વેચાણની દ્રષ્ટિએ) કીસ્ટોન રિયલ્ટર્સ લિમિટેડ ("કંપની")નો આઈપીઓ ૧૪ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ખુલશે.

ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ ૫૧૪થી ૫૪૧ નક્કી થઈ છે. આ દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ ૧૦ છે. બિડ લઘુતમ ૨૭ ઈક્વિટી શેર માટે અને પછી ૨૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. આઈપીઓમાં ૫,૬૦૦.૦૦ મિલિયનના કુલ ફ્રેશ ઈશ્યૂ અને વિક્રેતા શેરધારકો દ્વારા ૭૫૦.૦૦ મિલિયન સુધીના વેચાણ માટેની ઓફર સામેલ છે. વેચાણ માટેની ઓફરમાં ૩૭૫.૦૦ મિલિયન સુધીની, પર્સી સોરાબજી ચૌધરી દ્વારા ૧૮૭.૫૦ મિલિયન સુધીની અને ચંદ્રેશ દિનેશ મહેતા દ્વારા ૧૮૭.૫૦ મિલિયન સુધીના ઈક્વિટી શેરનું વેચાણ સામેલ છે. કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ફંડનો ઉપયોગ કંપની અને/અથવા પેટાકંપનીઓએ લીધેલી ચોક્કસ લોનની પુનઃચુકવણી/આગોતરી ચુકવણી માટે તેમજ ભવિષ્યના રિયલ એસ્ટેટના પ્રોજેક્ટ માટે ફંડ મેળવવા અને સામાન્ય કોર્પોરેટ ઉદ્દેશ માટે કરવા ઈચ્છે છે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૩૧ સાથે વાંચીને એસસીઆરઆરના નિયમ ૧૯(૨)(બી)ની શરતોમાં રજૂ કરવામાં આવી છે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમન ૬(૧)ની શરતોમાં બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા થઈ છે, જેમાં ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂટશનલ બાયર્સ ("QIBs અને પ્રકારનો હિસ્સો "QIB હિસ્સો")ને ફાળવવામાં માટે ઉપલબ્ધ કરવામાં આવશે,

## એલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, પારા ગ્રાઈડર્સનો ઉપયોગ કરીને હુમલો કરી શકે છે અને VVIPને પણ ટાર્ગેટ કરી શકે છે. આ જ કારણ છે કે, આગામી ૩૦ દિવસ માટે ખાનગી હેલિકોપ્ટરથી લઈને હોટ એર બલૂન સહિત આ તમામ વસ્તુઓના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ સમય દરમિયાન માત્ર મુંબઈ પોલીસ જ એરિયલ સર્વેલન્સ કરી શકે છે. આ આદેશ ૧૩ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી લાગુ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ અગાઉ ૪ નવેમ્બરના રોજ મુંબઈ પોલીસના કંટ્રોલ રૂમમાં હાજી અલી દરગાહ પર આતંકવાદી હુમલો કરવાની ધમકી મળી હતી. ધમકી મળ્યા બાદ મુંબઈના તારદેવ પોલીસ સ્ટેશનની એક ટીમ ઘટના સ્થળ પર પહોંચી હતી. પોલીસ અને બોમ્બ ડિટેક્શન અને ડિસ્પોઝલ સ્ક્વોડ વાન દ્વારા સમગ્ર વિસ્તારની શોધખોળ કરવામાં આવી હતી પરંતુ કંઈ મળ્યું ન હતું. ફોન કરનાર અજાણ્યો હતો અને પોલીસે પાછળથી દાવો કર્યો હતો કે, ધમકી આપનાર માનસિક રીતે બીમાર હતો.

## ભાજપના ૧૬૦ ઉમેદવારોની યાદી

| ક્રમ | જિલ્લો | બેઠક | ભાજપ |
|---|---|---|---|
| ૧ | કચ્છ | અબડાસા | પ્રધુમનસિંહ જાડેજા |
| ૨ | કચ્છ | માંડવી | અનિરુદ્ધ દવે |
| ૩ | કચ્છ | ભુજ | કેશવલાલ પટેલ |
| ૪ | કચ્છ | અંજાર | ત્રિકમ છાંગા |
| ૫ | કચ્છ | ગાંધીધામ | માલતી મહેશ્વરી |
| ૬ | કચ્છ | રાપર | વિરેન્દ્રસિંહ જાડેજા |
| ૭ | બનાસકાંઠા | વાવ | સ્વરુપજી ઠાકોર |
| ૮ | બનાસકાંઠા | થરાદ | શંકર ચૌધરી |
| ૯ | બનાસકાંઠા | ધાનેરા | ભગવાનજી ચૌધરી |
| ૧૦ | બનાસકાંઠા | દાંતા (ST) | લધુભાઈ પારઘી |
| ૧૧ | બનાસકાંઠા | વડગામ(SC) | મણિભાઈ વાઘેલા |
| ૧૨ | બનાસકાંઠા | પાલનપુર | અનિકેતભાઈ ઠાકર |
| ૧૩ | બનાસકાંઠા | ડીસા | પ્રવીણ માળી |
| ૧૪ | બનાસકાંઠા | દિયોદર | કેશાજી ચૌહાણ |
| ૧૫ | બનાસકાંઠા | કાંકરેજ | કીર્તિસિંહ વાઘેલા |
| ૧૬ | પાટણ | રાધનપુર | -- |
| ૧૭ | પાટણ | ચાણસમા | દિલીપ ઠાકોર |
| ૧૮ | પાટણ | પાટણ | -- |
| ૧૯ | પાટણ | સિદ્ધપુર | બળવંતસિંહ રાજપૂત |
| ૨૦ | મહેસાણા | ખેરાલુ | -- |
| ૨૧ | મહેસાણા | ઊંઝા | કિરીટ પટેલ |
| ૨૨ | મહેસાણા | વિસનગર | ઋષિકેશ પટેલ |
| ૨૩ | મહેસાણા | બહુચરાજી | સુખાજી ઠાકોર |
| ૨૪ | મહેસાણા | કડી(SC) | કરશન સોલંકી |
| ૨૫ | મહેસાણા | મહેસાણા | મુકેશ પટેલ |
| ૨૬ | મહેસાણા | વિજાપુર | રમણ પટેલ |
| ૨૭ | સાબરકાંઠા | હિંમતનગર | -- |
| ૨૮ | સાબરકાંઠા | ઈડર(SC) | રમણલાલ વોરા |
| ૨૯ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા(ST) | અશ્વીન કોટવાલ |
| ૩૦ | સાબરકાંઠા | પ્રાંતિજ | -- |
| ૩૧ | અરવલ્લી | ભિલોડા | પૂનમ વરંડા |
| ૩૨ | અરવલ્લી | મોડાસા | ભિખૂભાઈ પરમાર |
| ૩૩ | અરવલ્લી | બાયડ | ભીખીબેન પરમાર |
| ૩૪ | ગાંધીનગર | દહેગામ | બલરાજસિંહ ચૌહાણ |
| ૩૫ | ગાંધીનગર | ગાંધીનગર સાઉથ | અલ્પેશ ઠાકોર |
| ૩૬ | ગાંધીનગર | ગાંધીનગર નોર્થ | -- |
| ૩૭ | ગાંધીનગર | માણસા | -- |
| ૩૮ | ગાંધીનગર | કલોલ | -- |
| ૩૯ | અમદાવાદ | વિરમગામ | હાર્દિક પટેલ |
| ૪૦ | અમદાવાદ | સાણંદ | કનુભાઈ પટેલ |
| ૪૧ | અમદાવાદ | ઘાટલોડિયા | ભૂપેન્દ્ર પટેલ |
| ૪૨ | અમદાવાદ | વેજલપુર | અમિત ઠાકર |
| ૪૩ | અમદાવાદ | વટવા | -- |
| ૪૪ | અમદાવાદ | એલિસબ્રિજ | અમિત શાહ |
| ૪૫ | અમદાવાદ | નારણપુરા | જીતેન્દ્ર પટેલ |
| ૪૬ | અમદાવાદ | નિકોલ | જગદીશ પંચાલ |
| ૪૭ | અમદાવાદ | નરોડા | પાયલ કુકરાણી |
| ૪૮ | અમદાવાદ | ઠક્કરબાપાનગર | કંચનબેન |
| ૪૯ | અમદાવાદ | બાપુનગર | દિનેશ કુશવાહ |
| ૫૦ | અમદાવાદ | અમરાઈવાડી | ડો. હસમુખ પટેલ |
| ૫૧ | અમદાવાદ | દરિયાપુર | કૌશિક જૈન |
| ૫૨ | અમદાવાદ | જમાલપુર-ખાડિયા | ભૂષણ ભટ્ટ |
| ૫૩ | અમદાવાદ | મણિનગર | અમૂલ ભટ્ટ |
| ૫૪ | અમદાવાદ | દાણીલીમડા (SC) | નરેશ વ્યાસ |
| ૫૫ | અમદાવાદ | સાબરમતી | ડો. હર્ષદ પટેલ |
| ૫૬ | અમદાવાદ | અસારવા(SC) | દર્શના વાઘેલા |
| ૫૭ | અમદાવાદ | દસક્રોઈ | બાબુ પટેલ |
| ૫૮ | અમદાવાદ | ધોળકા | કિરીટ ડાભી |
| ૫૯ | અમદાવાદ | ધંધુકા | કાનન ડાભી |
| ૬૦ | સુરેન્દ્રનગર | દસાડા (SC) | પી.કે. પરમાર |
| ૬૧ | સુરેન્દ્રનગર | લીંબડી | કિરીટસિંહ રાણા |
| ૬૨ | સુરેન્દ્રનગર | વઢવાણ | જિજ્ઞા પંડ્યા |
| ૬૩ | સુરેન્દ્રનગર | ચોટીલા | શામજી ચૌહાણ |
| ૬૪ | સુરેન્દ્રનગર | ધ્રાંગધ્રા | પ્રકાશ વરમોરા |
| ૬૫ | મોરબી | મોરબી | કાંતિ અમૃતિયા |
| ૬૬ | મોરબી | ટંકારા | દુર્લભજી |
| ૬૭ | મોરબી | વાંકાનેર | જીતુ સોમાણી |
| ૬૮ | રાજકોટ | રાજકોટ ઈસ્ટ | ઉદય કાનગડ |
| ૬૯ | રાજકોટ | રાજકોટ વેસ્ટ | ડો. દર્શિતા શાહ |
| ૭૦ | રાજકોટ | રાજકોટ સાઉથ | રમેશ ટિલાળા |
| ૭૧ | રાજકોટ | રાજકોટ રૂરલ (SC) | ભાનુંબેન બાબરીયા |
| ૭૨ | રાજકોટ | જસદણ | કુંવરજી બાવળિયા |
| ૭૩ | રાજકોટ | ગોંડલ | ગીતાબા જાડેજા |
| ૭૪ | રાજકોટ | જેતપુર | જયેશ રાદડિયા |
| ૭૫ | રાજકોટ | ધોરાજી | -- |
| ૭૬ | જામનગર | કાલાવાડ(SC) | મેઘજી ચાવડા |
| ૭૭ | જામનગર | જામનગર રૂરલ | રાઘવજી પટેલ |
| ૭૮ | જામનગર | જામનગર નોર્થ | રીવાબા જાડેજા |
| ૭૯ | જામનગર | જામનગર સાઉથ | અકબરી |
| ૮૦ | જામનગર | જામજોધપુર | ચિમન સાપરિયા |
| ૮૧ | દ્વારકા | ખંભાળિયા | -- |
| ૮૨ | દ્વારકા | દ્વારકા | પબુભા |
| ૮૩ | પોરબંદર | પોરબંદર | બાબુ બોખરીયા |
| ૮૪ | પોરબંદર | કુતિયાણા | -- |
| ૮૫ | જૂનાગઢ | માણાવદર | જવાહર ચાવડા |
| ૮૬ | જૂનાગઢ | જૂનાગઢ | સંજય કોરડીયા |
| ૮૭ | જૂનાગઢ | વિસાવદર | હર્ષદ રિબડિયા |
| ૮૮ | જૂનાગઢ | કેશોદ | દેવાભાઈ માલમ |
| ૮૯ | જૂનાગઢ | માંગરોળ | ભગવાન કરગઠિયા |
| ૯૦ | ગીર સોમનાથ | સોમનાથ | માનસિંહ પરમાર |
| ૯૧ | ગીર સોમનાથ | તાલાલા | ભગવાનભાઈ બારડ |
| ૯૨ | ગીર સોમનાથ | કોડીનાર (ST) | ડો. પ્રધુમન વાજા |
| ૯૩ | ગીર સોમનાથ | ઉના | કાળુ રાઠોડ |
| ૯૪ | અમરેલી | ધારી | જે.વી કાકડીયા |
| ૯૫ | અમરેલી | અમરેલી | કૌશિક વેકરીયા |
| ૯૬ | અમરેલી | લાઠી | જનક તડાવિયા |
| ૯૭ | અમરેલી | સાવરકુંડલા | મહેશ કસવાલા |
| ૯૮ | અમરેલી | રાજુલા | હિરા સોલંકી |
| ૯૯ | ભાવનગર | મહુવા- | શિવા ગોહિલ |
| ૧૦૦ | ભાવનગર | તળાજા | ગૌતમ ચૌહાણ |
| ૧૦૧ | ભાવનગર | ગારિયાધાર | કેશુભાઈ નાકરાણી |
| ૧૦૨ | ભાવનગર | પાલિતાણા | ભીખાભાઈ બારૈયા |
| ૧૦૩ | ભાવનગર | ભાવનગર રૂરલ | પુરુષોત્તમ સોલંકી |
| ૧૦૪ | ભાવનગર | ભાવનગર ઈસ્ટ | -- |
| ૧૦૫ | ભાવનગર | ભાવનગર વેસ્ટ | જીતુ વાઘાણી |
| ૧૦૬ | બોટાદ | ગઢડા (SC) | શંભુનાથ ટુંડિયા |
| ૧૦૭ | બોટાદ | બોટાદ | ઘનશ્યામ વિરાણી |
| ૧૦૮ | આણંદ | ખંભાત | મહેશ રાવલ |
| ૧૦૯ | આણંદ | બોરસદ | રમણ સોલંકી |
| ૧૧૦ | આણંદ | આંકલાવ | ગુલાબસિંહ પઢિયાર |
| ૧૧૧ | આણંદ | ઉમરેઠ | ગોંવિદ પરમાર |
| ૧૧૨ | આણંદ | આણંદ | યોગેશ પટેલ |
| ૧૧૩ | આણંદ | પેટલાદ | -- |
| ૧૧૪ | આણંદ | સોજીત્રા | વિપુલ પટેલ |
| ૧૧૫ | ખેડા | માતર | કલ્પેશ પરમાર |
| ૧૧૬ | ખેડા | નડિયાદ | પકંજ દેસાઈ |
| ૧૧૭ | ખેડા | મહેમદાવાદ | -- |
| ૧૧૮ | ખેડા | મહુધા | સંજયસિંહ મહિડા |
| ૧૧૯ | ખેડા | ઠાસરા | યોગેન્દ્રસિંહ પરમાર |
| ૧૨૦ | ખેડા | કપડવંજ | રાજેશકુમાર ઝાલા |
| ૧૨૧ | ખેડા | બાલાસિનોર | માનસિંહ ચૌહાણ |
| ૧૨૨ | મહીસાગર | લુણાવાડા | જિગ્નેશકુમાર સેવક |
| ૧૨૩ | મહીસાગર | સંતરામપુર(ST) | કુબેરભાઈ ડિંડોર |
| ૧૨૪ | પંચમહાલ | શહેરા | જેઠાભાઈ આહિર |
| ૧૨૫ | પંચમહાલ | મોરવાહડફ(ST) | નિમિષા સુથાર |
| ૧૨૬ | પંચમહાલ | ગોધરા | ચંદ્રસિંહ રાઉલજી |
| ૧૨૭ | પંચમહાલ | કાલોલ | ફતેસિંહ ચૌહાણ |
| ૧૨૮ | પંચમહાલ | હાલોલ | જયદ્રથસિંહ પરમાર |
| ૧૨૯ | દાહોદ | ફતેપુરા(ST) | રમેશભાઈ કટારા |
| ૧૩૦ | દાહોદ | ઝાલોદ(ST) | -- |
| ૧૩૧ | દાહોદ | લીમખેડા(ST) | શૈલેષ ભાભોર |
| ૧૩૨ | દાહોદ | દાહોદ (ST) | કનૈયાલા કિશોરી |
| ૧૩૩ | દાહોદ | ગરબાડા(ST) | -- |
| ૧૩૪ | દાહોદ | દેવગઢબારિયા | બચુભાઈ ખાબડ |
| ૧૩૫ | વડોદરા | સાવલી | કેતન ઈનામદાર |
| ૧૩૬ | વડોદરા | વાઘોડિયા | અશ્વિન પટેલ |
| ૧૩૭ | વડોદરા | ડભોઈ | શૈલેષ મહેતા |
| ૧૩૮ | વડોદરા | વડોદરા સિટી (SC) | મનિષા વકીલ |
| ૧૩૯ | વડોદરા | સયાજીગંજ | -- |
| ૧૪૦ | વડોદરા | અકોટા | ચૈતન્ય દેસાઈ |
| ૧૪૧ | વડોદરા | રાવપુરા | બાલકૃષ્ણ શુક્લ |
| ૧૪૨ | વડોદરા | માંજલપુર | -- |
| ૧૪૩ | વડોદરા | પાદરા | ચૈતન્ય ઝાલા |
| ૧૪૪ | વડોદરા | કરજણ | અક્ષય પટેલ |
| ૧૪૫ | છોટાઉદેપુર | છોટાઉદેપુર (ST) | રાજેન્દ્રસિંહ રાઠવા |
| ૧૪૬ | છોટાઉદેપુર | પાવી જેતપુર(ST) | -- |
| ૧૪૭ | છોટાઉદેપુર | સંખેડા(ST) | અભેસિંહ તડવી |
| ૧૪૮ | નર્મદા | નાંદોદ (ST) | ડો. દર્શના વસાવા |
| ૧૪૯ | નર્મદા | દેડિયાપાડા (ST) | -- |
| ૧૫૦ | ભરૂચ | જંબુસર | ડી.કે. સ્વામી |
| ૧૫૧ | ભરૂચ | વાગરા | અરુણસિંહ રાણા |
| ૧૫૨ | ભરૂચ | ઝગડિયા (ST) | દીપેશ વસાવા |
| ૧૫૩ | ભરૂચ | ભરૂચ | રમેશ મિસ્ત્રી |
| ૧૫૪ | ભરૂચ | અંકલેશ્વર | ઈશ્વર પટેલ |
| ૧૫૫ | સુરત | ઓલપાડ | મુકેશ પટેલ |
| ૧૫૬ | સુરત | માંગરોળ | ગણપત વસાવા |
| ૧૫૭ | સુરત | માંડવી (ST) | કુવરજી હળપતિ |
| ૧૫૮ | સુરત | કામરેજ | પ્રફુલ પાનસેરિયા |
| ૧૫૯ | સુરત | સુરત ઈસ્ટ | અરવિંદ રાણા |
| ૧૬૦ | સુરત | સુરત નોર્થ | કાંતિ બલ્લર |
| ૧૬૧ | સુરત | વરાછા માર્ગ | કુમાર કાનાણી |
| ૧૬૨ | સુરત | કરંજ | પ્રવિણ ઘોઘારી |
| ૧૬૩ | સુરત | લિંબાયત | સંગીતા પાટીલ |
| ૧૬૪ | સુરત | ઉધના | મનુ પટેલ |
| ૧૬૫ | સુરત | મજૂરા | હર્ષ સંઘવી |
| ૧૬૬ | સુરત | કતારગામ | વિનુ મોરડિયા |
| ૧૬૭ | સુરત | સુરત વેસ્ટ | પુર્ણેશ મોદી |
| ૧૬૮ | સુરત | ચોર્યાસી | -- |
| ૧૬૯ | સુરત | બારડોલી(SC) | ઈશ્વર પરમાર |
| ૧૭૦ | સુરત | મહુવા (ST) | મોહન ડોડિયા |
| ૧૭૧ | તાપી | વ્યારા (ST) | મોહન કોંકણી |
| ૧૭૨ | તાપી | નિઝર (ST) | જયરામ ગામિત |
| ૧૭૩ | ડાંગ | ડાંગ (ST) | વિજય પટેલ |
| ૧૭૪ | નવસારી | જાલોલપોર | રમેશ પટેલ |
| ૧૭૫ | નવસારી | નવસારી | રાકેશ દેસાઈ |
| ૧૭૬ | નવસારી | ગણદેવી(ST) | નરેશ પટેલ |
| ૧૭૭ | નવસારી | વાંસદા(ST) | પિયુષ પટેલ |
| ૧૭૮ | વલસાડ | ધરમપુર(ST) | અરવિંદ પટેલ |
| ૧૭૯ | વલસાડ | વલસાડ | ભરત પટેલ |
| ૧૮૦ | વલસાડ | પારડી | કનુ દેસાઈ |
| ૧૮૧ | વલસાડ | કપરાડા(ST) | જીતુભાઈ ચૌધરી |
| ૧૮૨ | વલસાડ | ઉમરગામ (ST) | રમણલાલ પાટકર |

## જાહેરનામું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બેઠકો સંવેદનશીલ છે. પંચે આ વખતે ખર્ચ માટે સંવેદનશીલ પોકેટ્સ પણ શોધવા માટેની સૂચનાઓ આપી છે.

પંચ દ્વારા આ વખતે ૫૦ ટકા મતદાન મથકો પર સીધી નજર રાખવામાં આવનાર છે. પંચે નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં મુક્ત ચૂંટણીઓ યોજાય તે પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. જિલ્લામાં એસેસ એબીલીટી ઓબ્ઝર્વર મુકી દિવ્યાંગ મતદારોને અપાતી સુવિધાઓ પર નજર રાખવાનો નિર્ણય લીધો છે.

પંચે પહેલીવાર જિલ્લામાં સરેરાશ મતદાન કરતાં ઓછુ મતદાન નોંધાયુ છે તેવા ૫૫ મતદાન મથકો અલગ તારવ્યા છે અને તેમાંય ૨૫ મતદાન મથકો શહેરી વિસ્તારના છે. આ મથકો પર મતદાન વધુ થાય તેમજ મતદાર જાગૃત્તિ અભિયાન સઘન બનાવવા પર ભાર મુક્યો છે.

આજે સાંજે અધિક નિવાસી કલેક્ટરના અધ્યક્ષપદે મતદાર જાગૃત્તિ અભિયાનની ખાસ સમીક્ષા પણ યોજવામાં આવી હતી.